بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.17-11-2017 સ્થળ: બૈતુલ ફુતુહ, લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું : હઝરત મસીહ મૌઉદ અ.સ. પોતાની એક પંકિતમાં ફરમાવે છે કે

*વકત થા વકત મસીહા ના કિસી ઔર કા વકત, મૈં ના આતા તો કોઈ ઔર હી આયા હોતા*

તે યુગ જેમાંથી તે સમયના મુસલમાનો પસાર થઈ રહ્યા હતા, દર્દ રાખનાર મુસલમાનો માટે ખુબ જ વ્યાકુળ કરનાર યુગ હતો. લાખો મુસ્લિમો ઈસાઈ થઈ ગયા હતા આંહઝરત સ.અ.વ.ના ફરમાન પ્રમાણે એવી હાલત થઈ ગઈ હતી કે ઈમાન સુરય્યા પર જઈ ચુકયો હતો. વ્યવહારીક રૂપથી ન મુસલમાનોમાં દીન બાકી રહ્યો હતો, ન ઈસ્લામની વાસ્તવિકતા બાકી રહી હતી. ઈસ્લામનો દર્દ રાખનાર આ પ્રતિક્ષામાં હતા કે કોઈ મસીહા આવે અને ઈસ્લામની આ ડુબતી નાવને સંભાળે. તેમાંથી એક બુઝુર્ગ હઝરત સૂફી અહેમદ જાન સાહેબ લુધિયાનવી પણ હતા. તેમની ખ્યાતિ દુર દુર સુધી હતી, ઘણા બધા તેમના મુરીદ હતા. તેમની બુઝુર્ગીના કારાણે એક વાર મહારાજા જમ્મુએ તેમને આમંત્રણ આપી કહ્યું કે તમે જમ્મુ આવી મારા માટે દુઆ કરો પરંતુ તેઓએ ઈન્કાર કરી દીધો અને કહ્યું કે જો દુઆ કરાવી હોય તો મારી પાસે આવી કરાવો. સારાંશ એ કે મોટા મોટા લોકો તેમના મુરીદ હતા. હઝરત સૂફી અહેમદ જાન સાહેબને પહેલાથી જ હઝરત મસીહ મૌઉદ અ.સ.થી ખુબ શ્રદ્ધા હતી. તે સમયે જ્યારે હજુ હઝરત મસીહ મૌઉદ અ.સ.એ નબુવ્વતનો દાવો પણ ન કર્યો હતો, દાવા પહેલા જ તેમનું અવસાન થઈ ગયું. તેમણે તે સમયે પરિસ્થિતિઓ તથા યુગને જોઈ એક વાર હઝરત મસીહ મૌઉદ અ.સ.થી નિવેદન કયું હતું કે

*હમ મરીઝો કી હૈ તુમ્હી પે નિગાહ, તુમ મસીહા બનો ખુદા કે લિયે*

જેવું કે કહ્યું કે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના દાવા પહેલા જ તેમનું અવસાન થઈ ગયું હતું પરંતુ તેમને આ વિશ્વાસ હતો કે આપ જ યુગના ઈમામ અને મસીહ મૌઉદ છો. માટે તેમણે પોતાની સંતાન તથા પોતાના મુરીદોને આ નસીહત કરી હતી કે જ્યારે દાવો થશે તમે માની લેશો. આમ દિવ્યાત્મા પુરૂષ જાણતા હતા કે ઈસ્લામની આ ડુબતી નાવને જો આ યુગમાં કોઈ સંભાળી શકે છે તો તે હઝરત મિરઝા ગુલામ અહેમદ કાદિયાની અ.સ. છે કેમકે આપે પુસ્તક બરાહીન એ અહેમદિયા લખી ઈસ્લામના વિરોધીઓના મોઢા બંધ કરી દીધા હતા. જ્યાં સુધી આપે દાવો ન કર્યો મોટા મોટા આલીમો આપની આ વાત પર વિશ્વસ્ત હતા. પરંતુ જ્યારે અલ્લાહ તઆલાના નિર્દેશથી આપે દાવો કર્યો તો આ જ આલીમો પોતાના સ્વાર્થ ને કારણે આપનો વિરોધ પણ કરવા લાગ્યા અને આજ રોજ સુધી પણ આ જ સ્વાર્થી આલીમો છે જે આપનો વિરોધ કરે છે તથા સામાન્ય મુસલમાનોના દિલોમાં પણ હઝરત મસીહ મૌઉદ અ.સ. અને આપની જમાઅત વિરૂદ્ધ ધૃણા ઉત્પન્ન કરી રહ્યા છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ પોતાના અસંખ્ય લેખો તથા ભાષણોમાં પોતાના દાવાની સત્યતાના પ્રમાણ આપ્યા. યુગની આવશ્યકતા અનુસાર મસીહ મૌઉદના આગમન અને અલ્લાહ તઆલાના સમર્થન, આપના વિષયમાં થવા વિશે જણાવ્યા. જે સ્વચ્છ મન લોકો હતા તેમને તો સમજાઈ ગયું અને જેમના દિલોમાં દ્વેષ હતો, સ્વાર્થ હતો તેમને સમજાયું નહી.

ફરમાવ્યું : અત્રે હું હઝરત મસીહ મૌઉદ અ.સ.ના શબ્દોમાં જ કેટલાક પ્રમાણ બયાન કરીશ જે આપે બયાન ફરમાવ્યા છે. આપ અ.સ. ફરમાવે છે :

હવે કોઈ અમારો દાવો છોડે અને અલગ રહેવા દે પરંતુ આ વાતોને વિચારે અને જવાબ આપે કે મને ઝુઠલાવશો તો તમારે ઈસ્લામને હાથથી ખોઈ નાખવો પડશે. પરંતુ હું સત્ય કહું છું કે કુરઆન શરીફના વાયદા અનુસાર અલ્લાહ તઆલાએ પોતાના ધર્મની રક્ષા કરી છે તથા રસૂલુલ્લાહ સ.અ.વ.ની ભવિષ્યવાણી પૂર્ણ થઈ કેમકે સમય અનુસાર ખુદા તઆલાએ વાયદા પ્રમાણે રસૂલુલ્લાહ સ.અ.વ.ની શુભ સૂચના અનુસાર ખુદા તઆલાએ આ સિલસિલો કયમ કર્યો તથા આ પ્રમાણિત થઈ ગયું કે સદકલ્લાહુ વ રસૂલુહૂ અર્થાત

અલ્લાહ તઆલા અને તેના રસૂલની વાતો સાચી છે. અત્યાચારી પ્રકૃતિનો તે મનુષ્ય છે જે આ વાતોને ઝુઠલાવે છે.

આપે ૧૯૦૩માં આ બયાન ફરમાવ્યું કે મારા દાવાને ૨૨ વર્ષ વિતી ગયા છે અને અલ્લાહ તઆલાનો સમર્થન મારી સાથે છે. જો હું જુઠ્ઠો છું તો પછી સમર્થન કેમ છે અલ્લાહ તઆલાનો મારી સાથે. બીજુ આપે ફરમાવ્યું કે યુગની આવશ્યકતા છે અને બધા આ વાતને સ્વીકારે છે કે આ યુગમાં મસીહે આવવુ હતું અને જ્યારે આવશ્યકતા છે તો જો હું નથી તો કોઈ બીજો પેશ કરો. કોઈ સુધારક આવવો જોઈએ મુસલમાનોના સુધાર માટે. કેમકે આ યુગમાં અત્યાધિક ઉપદ્રવ થઈ ગયો છે તથા મુસલમાનોમાં પણ ફસાદ પોતાની ચરમ સીમાએ પહોચેલ છે. આથી જો મને જુઠ્ઠો કહવું છે તો તેની બે જ અવસ્થાઓ હશે. અથવા તો કોઈ બીજો સુધારક પેશ કરો કેમકે યુગ ઈચ્છે છે કે કોઈ સુધારક આવે. અથવા અલ્લાહ તઆલાના વાયદાઓને ઝુઠલાવો, કહો કે જુઠા હતા બધા વાયદાઓ કે આવી બગડેલ હાલતમાં કોઈ સુધારકને મોકલવાનો વાયદો હતો, તે ખોટો હતો. આપે ફરમાવ્યું કે ધર્મની સુરક્ષાની જરૂરીયાત પ્રત્યેક હાલતમાં છે. ફરમાવ્યું કે કેટલાક લોકો એવા જોવા મળે છે કે જે કહે છે કે સુરક્ષાની કોઈ જરૂર નથી, તેઓ મોટી ભૂલ કરે છે.

આ પ્રકારની વાતો તે લોકો કરે છે જેમને અથવા તો ઈસ્લામથી દુરનો પણ સંબંધ અને દુખ નથી અને અથવા તે લોકો જેમણે ઓરડાના અંધકારમાં જીવન વિતાવ્યું છે અને તેમને બહારની દુનિયાની જરાંય ખબર નથી. આથી આ પ્રકારના જો લોકો છે તો તેમની કોઈ ચિંતા નથી. હાં તે લોકો જેમના દિલોમાં નૂર છે, જેમનો ઈસ્લામ સાથે સંબંધ છે તથા યુગની પરિસ્થિતિઓથી અવગત છે, તેમને માનવું પડે છે કે આ સમય કોઈ મહામાન્ય સુધારકનો સમય છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ.ફરમાવે છે કે જો મારો ઈન્કાર કરો છો તો તમે વાસ્તવમાં અલ્લાહ તઆલા અને તેના રસૂલનો ઈન્કાર કરો છો. આપ ફરમાવે છે કે મારો ઈન્કાર, મારો ઈન્કાર નથી બલ્કે અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ.નો ઈન્કાર છે. કેમકે જે મને ઝુઠલાવે છે, તે મને ઝુઠલાવી મઆઝઅલ્લાહ અલ્લાહ તઆલાને ઝુઠલાવી દે છે જ્યારે કે જુએ છે કે ભીતરી તથા બહારી ફસાદ અત્યાધિક થઈ ગયા છે તથા ખુદા તઆલાએ આ વાયદા છતાં કે إِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَإِنَّا لَهُ لَحَافِظُونَ તેમના સુધારનો કોઈ પ્રબંધ નથી કર્યો, જ્યારે કે તે આ વાત પર પ્રત્યક્ષ રૂપથી ઈમાન લાવે છે કે ખુદા તઆલાએ ઈસ્તખ્લાફ વાળી આયતમાં વાયદો કર્યો છે કે મૂસા અ.સ.ના સિલસિલાની જેમ આ મુહમ્મદી સિલસિલામાં પણ ખુલ્ફાની શ્રૃંખલા સ્થાપિત કરશે પરંતુ તેમાં મઆઝઅલ્લાહ આ વાયદાને પુરો નથી કર્યો તથા અત્યારે કોઈ ખલીફા આ ઉમ્મતમાં નથી અને ન માત્ર અહી સુધી જ, બલ્કે આ વાતથી પણ ઈન્કાર કરવો પડશે કે કુરઆન શરીફે જે આંહઝરત સ.અ.વ.ને મૂસાની ઉપમા ફરમાવ્યા છે, તે પણ ઉચિત નથી, મઆઝલ્લાહ. કેમકે તે સિલસિલાની પુરી ઉપમા માટે અનિવાર્ય હતું કે આ ચૌદમી સદીના માથે તે જ ઉમ્મતમાંથી એક મસીહ પૈદા થતો, તેવી જ રીતે જે રીતે મૂસવી સિલસિલામાં ચૌદમી સદીમાં એક મસીહ આવ્યો અને તેવી જ રીતે કુરઆન શરીફની આ આયતથી પણ ઈન્કાર કરવો પડશે કે وَّآخَرِيْنَ مِنْهُمْ لَمَّا يَلْحَقُوْا بِهِمْ માં એક આવનાર અહેમદીની છબીની સૂચના આપે છે તથા તેવી જ રીતે કુરઆન શરીફની અનેક આયતો છે જેમનો ઈન્કાર જરૂરી થશે. ફરમાવ્યું કે પછી વિચારો કે શું મને ઝુઠલાવવું સરળ વાત છે, આ હું મારા મતે નથી કહેતો, ખુદા તઆલાની શપથ લઈને કહું છું કે સત્ય એ જ છે કે જે મને છોડશે અને મારો ઈન્કાર કરશે ચાહે તે જુબાનથી ન કરે પરંતુ પોતાના કર્મથી, તેણે આખા કુરઆનનો ઈન્કાર કર્યો અને તેણે ખુદાને છોડી દીધો.

પછી આપ ફરમાવે છે કે મારો ઈન્કાર કેવળ મારો ઈન્કાર નથી, આ રસૂલુલ્લાહ સ.અ.વ.નો ઈન્કાર છે. હવે કોઈ તે પહેલા કે મને ઝુઠલાવે અને ઈન્કારનો સાહસ કરે જરાં પોતાના મનમાં વિચારે અને તેનાથી ફત્વો લે કે તે કોને ઝુઠલાવે છે.

પછી આ વાતને વધું સ્પષ્ટ કરતાં કે આપને ઝુઠલાવવાથી આંહઝરત સ.અ.વ.નો કેવી રીતે ઈન્કાર થાય છે, આપ ફરમાવે છે કે આપ સ.અ.વ.એ જે વાયદો કર્યો હતો કે પ્રત્યેક સદીમાં મુજદિદ આવશે, તે મઆઝલ્લાહ, જુઠો નિકળ્યો. પછી જે આપે ઈમામુકુમ મિનકુમ ફરમાવ્યું હતું, તે પણ મઆઝલ્લાહ જુઠો નિકળ્યો અને આપે જે સલીબી મુશ્કેલીઓના સમયે એક મસીહ વ મહદીના આગમનની શુભ સૂચના આપી હતી તે પણ મઆઝલ્લાહ ખોટી નિકળી, કેમકે જટિલ અવસ્થા તો આવી ગઈ પરંતુ તે આવનાર ઈમાન ન આવ્યો. હવે આ વાતોને કયારે કોઈ સ્વીકાર કરશે તો વ્યવહારીક રૂપથી શું તે આંહઝરત સ.અ.વ.ને ઈન્કાર કરનાર બનશે કે નહી. ફરમાવ્યું: આથી હું સ્પષ્ટ કહું છું કે મારી તકઝીબ કોઈ સરળ વાત નથી. મને કાફીર કહેવા પહેલા સ્વયં કાફિર બનવું પડશે, મને બેદીન અને પથભ્રષ્ટ કહેવામાં વાર થશે પરંતુ પહેલા પોતાના દુર્ભાગ્યને માની લેવું પડશે. મને કુરઆન વ હદીસને છોડવા વાળો કહેવા પહેલા સ્વયં કુરઆન અને હદીસને છોડી દેવું પડશે અને પછી પણ તે જ છોડશે. હું કુરઆન વ હદીસ દ્વારા સત્યાપિત છું તથા તેનું સત્યાપન કરનાર છું. હું પથભ્રષ્ટ નથી બલ્કે મહદી છું, હું કાફિર નહી બલ્કે અના અવ્વલુલ મોમિનીનનો સત્યાર્થ છું અને જે કંઈ પણ હું કહું છું ખુદાએ મારા પર સ્પષ્ટ કર્યું છે કે આ સત્ય છે. જેને ખુદા પર વિશ્વાસ છે, જે કુરઆન અને રસૂલુલ્લાહ સ.અ.વ.ને સાચો માને છે તેના માટે આ જ પ્રમાણ પર્યાપ્ત છે કે મારા મોઢે સાંભળી ચુપ થઈ જાય પરંતુ જે નિડર અને નિર્ભય હોય તેનો શું ઈલાજ, ખુદા સ્વયં તેને સમજાવશે.

પછી મસીહ મૌઉદના આગમન વિશે અમુક નિશાનીઓનું વર્ણન કરતા આપ ફરમાવે છે કે વાસ્તવમાં આ રેલ્વે ગાડી મસીહ મૌઉદનો એક નિશાન છે. કુરઆન શરીફમાં પણ આ તરફ સંકેત છે કે જ્યારે દસ મહીનાની ગાભણ ઊટણીઓ છોડી દેવામાં આવશે. ફરમાવ્યું : દીનદારી તકવા સાથે હોય છે, આ લોકો વિચાર કરે તો સ્પષ્ટ માલૂમ થાય છે કે રેલ્વે તરફ સંકેત છે કેમકે જો તેનો અર્થ રેલ્વે નથી તો પછી તેનું દાયિત્વ છે કે તે ઘટના જણાવે જેના થવાથી ઊટને છોડી દેવામાં આવશે. પહેલી પુસ્તકોમાં પણ સંકેત છે કે મસીહના યુગમાં અવાગમન સરળ થઈ જશે. ફરમાવ્યું કે વાસ્તવિકતા આ છે કે એટલા અધિક નિશાન પુરા થયા છે કે આ લોકો તો આ મેદાનથી ભાગી જ ગયા છે. જેવું કે ચંદ્ર અને સૂર્ય ગ્રહણ શું રમઝાન મહીનામાં તે તરીકા પર નથી થયો જેવું કે મહદીની નિશાનીઓ માટે નિશ્ચિત હતો. તેવી જ રીતે અનંત કાળથી એવી સવારી પણ નથી નિકળી. ફરમાવ્યું કે નિશાનીઓ પ્રમાણિત કરે છે કે મસીઝ મૌઉદ પૈદા થઈ ગયો છે. જો આ લોકો અમને નથી માનતા તો પછી કોઈ બીજાને શોધી લાવે અને બતાવે કે કોણ છે કેમકે જે નિશાનીઓ તેના માટે નિશ્ચિત હતી તે તો બધી પુરી થઈ ગઈ છે. નેક નીયત અને સજ્જનતા સાથે પ્રમાણોને જુઓ અને સમજો. જો હઠ કરવી છે તો પછી કંઈ ન દેખાશે, તો પછી કુરઆન શરીફ પણ હિદાયત નથી આપતો. પ્રત્યેક સત્યને ચાહનારનો અધિકાર છે કે તે અમારાથી અમારા દાવાનો પ્રમાણ માંગે તેના માટે અમે તે જ પ્રસ્તુત કરીશુ જે નબીઓએ પ્રસ્તુત કર્યુ, મૂળ રૂપથી કુરઆન વ હદીસ, બૈદ્ધિક પ્રમાણ અર્થાત આ સમયની આવશ્યકતાઓ પછી તે પ્રમાણ જે ખુદા તઆલાએ મારા હાથ પર પ્રગટ કર્યા છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે આયત ઈસ્તિખલાફમાં અલ્લાહ તઆલાથી સ્પષ્ટ રૂપથી એક ખિલાફતની શ્રૃંખલા સ્થાપિત કરવાનો દાવો ફરમાવ્યો છે, આ શ્રૃંખલાને પહેલી શ્રૃંખલાની સમાન ઘોષિત કરી છે. જેવું કે ફરમાવ્યું كَمَا اسْتَخْلَفَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ફરમાવ્યું કે હવે આ ખિલાફતના વાયદા અનુસાર તથા તેની ઉપમા માટે અનિવાર્ય હતું કે જે રીતે મૂસવી ખિલાફતની શ્રૃંખલાનો અંતિમ ખલીફા મસીહ હતો, જરૂરી છે કે મુહમ્મદી સિલસિલાનો ખાતમ પણ એક મસીહ હોય. ત્રીજી વાત એ કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ આ ફરમાવ્યું છે કે ઈમામુકુમ મિનકુમ, તમારો ઈમામ તમારામાંથી જ થશે. ચૌથી વાત એ કે આપે ફરમાવ્યું કે પ્રત્યેક સદીમાં એક મુજદિદને દીનની નવીનીકરણ માટે મોકલવામાં આવે છે. હવે આ સદીનો મુજદિદ થવું જરૂરી હતું તથા મુજદિદનું જે કામ હોય છે તે તે સમયના ઉપદ્રવના સુધાર હેતુ હોય છે. આ રીતે જે ફસાદ અને ઉપદ્રવ આ સમયે સૌથી અધિક છે તે ઈસાઈ ઉપદ્રવ છે. માટે જરૂરી છે કે આ સદીનો જે મુજદિદ હોય સલીબને તોડનાર હોય જેનું બીજુ નામ મસીહ મૌઉદ છે. પાંચમી વાત એ કે મૂસવી

ખિલાફતની સમાનતા અનુસાર પણ અંતિમ નિર્ણાયક ખલીફા મુહમ્મદી સિલસિલાનો ચૌદમી સદીમાં થવું અનિવાર્ય છે કેમકે મૂસા અ.સ. પછી ચૌદમી સદીમાં મસીહ અ.સ. આવ્યા હતા. છઠ્ઠી વાત એ કે જે નિશાનીઓ મસીહ મૌઉદ અ.સ.ની નિશ્ચિત કરવામાં આવી હતી તેમાંથી ઘણી બધી પુરી થઈ ચુકી છે જેવું કે ચંદ્ર અને સૂર્ય ગ્રહણ રમઝાનમાં થવું, જે બે વાર થયો છે, હજ બંધ થવું, દુમદાર તારાનું નિકળવું, પ્લેગ ફેલાવવું, રેલ્વે ચાલવી, ઊટણીઓ બેકાર થવી. સાતવી વાત એ કે સૂરઃ ફાતેહાની દુઆથી પણ આ સાબિત થાય છે કે આવનાર આ જ ઉમ્મતમાંથી હશે, અર્થાત એક બે નહી બલ્કે સૈકડો પ્રમાણ આ વાતના છે કે આવનાર આ જ ઉમ્મતમાંથી આવવો જોઈએ તથા તેનો સમય પણ આ જ છે. હવે ખુદા તઆલાના ઈલ્હામ અને વહ્યીથી હું કહું છું કે જે આવનાર હતો, તે હું છું. ચિરકાળથી ખુદા તઆલાએ નબુવ્વત માટે જે પ્રમાણ રાખ્યા છે તે મારાથી જે ઈચ્છે લઈ લે. જે નિશાન મારા સમર્થનમાં જાહેર થયા છે તેને જોઈ લો. મને ખેદ થાય છે જ્યારે હું તે વિરોધીઓની સ્થિતિ જોઉ છું કે જે વાતોને નિશાન કહી રજુ કરતા હતા જ્યારે તે પુરા થયા તો તેની પ્રમાણિકતા પર આપત્તિઓ કરવા લાગ્યા. દા.ત. ચંદ્ર અને સૂર્ય ગ્રહણની નિશાની માંગતા હતા, હવે કહે છે કે આ હદીસ સાચી નથી, પરંતુ કોઈ તેમને પૂછે કે જેને ખુદા તઆલાએ સાચો પ્રમાણ કર્યો શું તે હદીસ તેમના કહેવાથી જુઠી થઈ જશે. ખેદ તો આ વાત પર છે કે આટલું કહેતા પણ તેઓને લાજ નથી આવતી કે તેના દ્વારા અમે મસીહ મૌઉદને નથી ઝુઠલાવતા, રસૂલે કરીમ સ.અ.વ.ને ઝુઠલાવી રહ્યા છીએ.

અલ્લાહ તઆલા મુસ્લિમોને બુદ્ધિ પ્રદાન કરે કે તેઓ ફકત મોલ્વીઓની વાતોમાં ન આવે બલ્કે પોતાની બુદ્ધિનો ઉપયોગમાં લાવે તથા શુદ્ધ થઈ અલ્લાહ તઆલાથી સહાયતા માંગે. અલ્લાહ તઆલા તેમના દિલ ખોલે અને હઝરત મસીહ મૌઉદ અ.સ.ને માની આ સ્થિતિથી બહાર નિકળે જેમાં આજ કાલ મુસ્લિમ દુનિયા એક વિચિત્ર અવસ્થામાં ફસાયેલ છે, કોઈ માર્ગ બહાર આવવાનો તેઓ દેખાય. પાકિસ્તાનમાં પણ નવા નવા સંગઠનો બની રહ્યા છે, હવે એક નવું સંગઠન બન્યું છે લબ્બૈક યા રસૂલુલ્લાહ. તેઓએ પહેલા લાહૌરનો ઘેરાવ કર્યો પછી ઈસ્લામાબાદનો. ત્યાર પછી તે જ નામથી એક અન્ય સંગઠન છે જે ઘેરાવ કરે છે. કોઈ સરકાર, કોઈ સેના, કોઈ નિયમ તેમને રોકી નથી શકતી. વાસ્તવમાં તો લબ્બૈક યા રસૂલુલ્લાહ કહેનાર તો આપણે છીએ જેમણે આંહઝરત સ.અ.વ.ની વાતને સાંભળી કે જ્યારે મારો મસીહ વ મહદી આવે તો તેને માનશો અને તેને સલામ કહેશો. આ છે લબ્બૈક કહેવાનો ખરો તરીકો. કાશ કે આ લોકો પણ તેને સમજતા.

અલ્લાહ તઆલા દુનિયાને પણ, પાકિસ્તાનને પણ, પ્રત્યેક મુસ્લિમ દેશોને પણ ફિત્ના વ ફસાદથી બચાવે અને અલ્લાહ તઆલા મુસલમાનો પર વિશેષ કૃપા કરે કેમકે આજ કાલ જે પરિસ્થિતિઓ ચાલી રહી છે તથા જે મુસ્લિમ દુનિયા વિરૂદ્ધ યાજિનાઓ બનાવવામાં આવે છે તે ખુબ જ ભયાનક છે. જો તેઓને હજુ પણ ન સમજાયું તો બાદમાં પછતાશે, અલ્લાહ તઆલા રહેમ કરે. આમીન

| Khulasa Khutba Jumma Huzoor Anwar 17 November 2017 |
| --- |
| BOOK POST (Printed Matter)<br><br>To...........................................................................................<br>...........................................................................................<br>...........................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |